હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

આવી ભીષણ ગરમીમાં છોકરાના પપ્પા એ.સી. ચાલુ કરવા ન દે એટલે હું તો છોકરાને મામાના ઘરે લઈને જતી રહું...!

બજારમાં કેરીના ભાવમાં અધધ ઘટાડો

સ્વાદ રસીકો માં આનંદોઃ કેરીના ભાવમાં ૧ અઠવાડિયા માં પેટી દીઠ ૨૦૦ થી ૩૦૦ રૂપિયા નો ઘટાડો થયો

ગાંધી.તા.૧૫

આ વર્ષે કમોસમી વરસાદ માવઠા ને લીધે કેરીના ભાવ શરૂઆતથી જ ખૂબ ઊંચા રહ્યા છે. ત્યારે આવક વધવાથી હવે કેસર કેરી અને હાફૂસ કેરીના ભાવ ઘટવા લાગ્યા છે.

હાલ કેરીના ભાવમાં ઘરખમ ઘટાડો જોવા મળ્યો છે. ૧ અઠવાડિયામાં પેટી દીઠ ૨૦૦-૩૦૦ રૂપિયા જેટલા ભાવ ઘટ્યા છે. ઉનાની કેસર કેરીનો ભાવ ૯૦૦ રૂપિયા જેટલો છે. અગાઉ આ ભાવ પેટી દીઠ ૧૨૦૦ રૂપિયા હતો. જોકે, હવે ભાવમાં મોટો ઘટાડો થયો છે. રત્નાગિરી કેરીની પેટીનો ભાવ ૨૨૦૦ થી ૨૬૦૦ રૂપિયા જેટલો છે. કેસર કેરીના ભાવ ૨૦૨૩ અગાઉ રત્નાગિરી કેરીના પેટીના ૩૦૦૦ રૂપિયા ભાવ હતો.

બદામ કેરી ૧૦૦ના બદલે ૬૦થી ૭૦ રૂપિયામાં હાલ બજારમા મળી રહી છે.જ્યારે સુંદરી કેરીના ૧ કિલોના ભાવ ૧૦૦થી ૧૨૦ રૂપિયા છે. કેરીના ભાવ ઘટવા છતાં બજારમાં ગ્રાહકોની સંખ્યા હજુ પણ ઓછી જોવા મળી રહી છે. આગામી સમયમાં આવક વધતાં હજુ પણ ભાવ ઘટવાની શક્યતા છે.

ચાલુ વર્ષે ૧૦૯૦૦ હેક્ટર વિસ્તારમાં કેરીનું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર તાલુકાનો સમાવેશ થાય છે. સર્વે મુજબ આ વર્ષે કમોસમી વરસાદ માવઠુ અને કરા પડવાને લીધે ૪૫૦૦ હેક્ટરમાં કેરીના બગીચામાં થોડી નુકસાની ગઈ છે. આ વર્ષે ૮૫૦૦થી ૯૦૦૦ હેક્ટરમાં કેરીનુ ઉત્પાદન થવાની શક્યતા છે. બજારમાં પણ કચ્છની કેસર કેરીની માંગ વધારે રહેતી હોય છે.ચાલુ વર્ષે કચ્છના ખેડૂતોએ વધુ ૩૦૦ હેક્ટરમાં કચ્છી કેસર કેરીનું વાવેતર કરેલ છે. હાલ કચ્છના ખેડૂતો પણ કેરીની પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધી રહ્યા છે જેથી કેસર કેરીના ઉત્પાદનમાં પણ સતત વધારો જોવા મળી રહ્યો છે.

હાલ બજારમા કેસર કેરી રૂ. ૧૫૦ થી ૨૫૦ ની કિલોના ભાવમા મળી રહી છે. હાલ ખુબ જ સારી મીઠી કેસર કેરીની આવક ચાલુ થઈ ગઈ છે. અને કેરીના શોખીન લોકો કેરી ની મીઠાશ ની મોજ માણી રહ્યા છે.

કેરીની આમ તો ઘણી જાત આવે છે, પરંતુ તે પૈકી અમુક જાત ખૂબ જ ફેમસ છે

હાફૂસ – આ હાફૂસ કેરી રત્નાગીરી મહારાષ્ટ્ર વિસ્તારમા વધુ પાકે છે.

કેસર – કેસર કેરી ગુજરાત ના જુનાગઢ અને તાલાલા ગીર વિસ્તારની ખૂબ જ પ્રખ્યાત છે. ઉપરાંત હવે કચ્છ અને પોરબંદરમા પણ કેસર કેરીનુ ઉત્પાદન થાય છે.

દશહેરી કેરી – આ કેરી લખનઉ અને મલીહાબાદ, ઉત્તર પ્રદેશ વિસ્તારોમા પાકે છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરના લોકોએ આજે આખો દિવસ ઉકળાટ અનુભવ્યો હતો. જોકે પવનની લહેરખીઓએ થોડીક રાહત જરૂર આપી હતી.
- ગાંધીનગરમાં આજે મુલાકાતીઓની સંખ્યા નહિવત્ જણાઈ હતી.
- અધિકારીઓ રજા પર હોવાથી તેમજ ઓફિસની હાજરીમાં કર્મચારીઓની પણ અનિયમિતતાને પગલે તંત્રમાં પણ વેકેશનનો માહોલ જામ્યો છે.
- દહેગામમાં મધર્સ ડે નિમિત્તે નાના ભુલકાંઓને ઓરેન્જ શરબતનું વિતરણ કરાયુ.
- ગાંધીનગરમાં જિલ્લા રોજગાર કચેરી દ્વારા ૧૭ મે ના રોજ જોબફેરનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવુ એમ.આર.આઈ. મશીન ટૂંક સમયમાં આવશે.
- શેરીના બાળકોને શિક્ષણ માટે કલેક્ટરશ્રી દ્વારા બાળકોને અધિકારીઓને દત્તક તરીકે ફાળવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં વીજમાંગમાં વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં મેટ્રોના ચાલી રહેલા કામને પગલે રસ્તાઓ ગમે ત્યારે બંધ કરવામાં આવતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં પેયજળની માંગમાં પણ વધારો થવા પામ્યો છે.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- ગાંધીનગરમાં આજે બપોરે મોટી સંખ્યામાં ક્રિકેટ રસિયાઓ મેચ જોવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પહોંચ્યા છે.
- ગાંધીનગર મનપા દ્વારા વિવિધ સેક્ટરોના ખુલ્લા પ્લોટોમાં કરાઈ રહેલા દબાણને લઈ નગરનોની હાલાકીમાં વધારો થયો છે.
- ગાંધીનગરના સિવિલ સુપ્રિટેન્ડન્ટ આજે એક બેઠકમાં હાજરી આપવા પંચાયત સંકુલમાં આવ્યા હતા.
- ૨૦૨૧-૨૨ની ભરતી પ્રક્રિયા અન્વયે ઉમેદવારો હાજર ન થતાં ખાલી જગ્યાઓ અંગે પંચાયત સેવા પસંદગી મંડળે રિપોર્ટ માંગ્યો છે.
- શેરબજારના સેન્સેક્સમાં ૩૦૦થી વધુ પોઈંટના વધારાને પગલે જિલ્લાના રોકાણકારોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.
- ગાંધીનગર મનપા દ્વારા રોજનો ૧૨૫ ટન જેટલો કચરો ડોર ટુ ડોરમાં એકત્ર થાય છે.

લવારપુર બ્રિજ પાસે કારની પાછળ બાઈક ટકરાતા અકસ્માત

ગાંધીનગર, તા.૧૫

અમદાવાદ ચાંદખેડા ખાતે સમાજના સમુહલગ્નમાંથી ચંદ્રાલા બાઈક લઈ પરત ફરી રહેલા બાપ દિકરાને લવારપુર બ્રિજ ઉતરતા અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક ચાલક દિકરાએ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી બાઈક ગાડીની પાછળ ઘુસી ગયું હતું. માર્ગ પર બંન્ને નીચે પટકાતા શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર અને ત્યાંથી અમદાવાદ સિવિલ લઈ જવાયા હતા. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચંદ્રાલા ગામ ખાતે રેખાબેન રમેશભાઈ પરમાર પરિવાર સાથે રહે છે. જયારે તેમના પતિ વડવાસા ખાતે ટી-શર્ટ બનાવતી કંપનીમાં નોકરી કરે છે. તેઓને સંતાનમાં એક દિકરો અને દિકરી છે.જયારે દિકરો ભાવેશ પરિણિત છે અને તે એપોલો હોસ્પિટલમાં વોર્ડબોય તરીકે ફરજ બજાવે છે.જયારે ગતરોજ રેખાબેન તેમજ દિકરાની વહુ ભુમિકા ઘરે હાજર હતા.ત્યારે ચાંદખેડા ખાતે બાઈક લઈ બાપ-દિકરો અમદાવાદ ચાંદખેડા ખાતે સમાજના સમુહલગ્નમાં હાજરી આપવા માટે ગયા હતા. સમુહલગ્નમાંથી બાઈક લઈ પરત ફરી રહ્યા હતા. તે સમયે બાઈક ભાવેશ ચલાવી રહ્યો હતો અને તેના પિતા રમેશભાઈ પાછળ બેઠા હતા. નરોડા થી હિંમતનગર હાઈ વે પર બાઈકનં.જી.જે.૧૮.ડી.કે.--૦૨૮૭ લઈ લવારપુર બ્રિજ નીચે ઉતરી રહ્યા હતા. તે સમયે આગળ જઈ રહેલી કારની પાછળ અચાનક બાઈક ટકરાતા બંન્ને જણા નીચે પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. જયારે અકસ્માતમાં રમેશભાઈ બેભાન થઈ ગયા હતા.તેઓને કપાળની જમણી બાજુ અને પેટના ભાગે ઈજા થઈ છે. જયારે બાઈક ચાલક ભાવેશને પણ શરીરે તેમજ હોઠના ભાગે ઈજા પહોચી છે. ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદની સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર સિવિલમાં વકરતી પાર્કિંગ સમસ્યા

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર સિવિલમાં દિન પ્રતિદિન પાર્કિંગની સમસ્યા વિકટ બનતી જાય છે. સિવિલ હોસ્પિટલમાં બાંધકામ શરુ હોવાથી પાર્કિંગ માટે જગ્યા નથી. જેથી માર્ગો પર આડેધડ વાહનોના ખડકલા જોવા મળે છે. જેથી આંતરે દિવસે સિવિલમાંથી વાહનચોરીના કિસ્સા સામે આવે છે.

ગાંધીનગર સિવિલમાં હાલના સમયે ૬૦૦ બેડની હોસ્પિટલની બાજુમાં નવી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ અને ટ્રો મા સેન્ટરનું કામ પુરજોશમાં ચાલુ છે. જેને પગલે તે વિસ્તારમાં ઉભા રહેતા વાહનો ક્યાં પાર્ક કરવા તે મુશ્કેલ બન્યું હતું.જયારે ઓડીટોરીયમ હોલની પાછળ પણ રેન બસેરાનુ કામ શરુ હોવાથી તે સ્થળ પર પાર્કિંગ શક્ય નથી. જયાર સિવિલના આંતરીક માર્ગો પર લારીઓ મોટા પ્રમાણમાં ગોઠવાઈ ગઈ છે. ત્યારે હાલ સિવિલમાં ઓપીડી,તાત્કાલીક વિભાગ અને મુલાકાતીઓથી સિવિલમાં રોજના હજ્જારો વ્યકિતઓ આવતા જતા રહે છે. તે ઉપરાંત તબિબિ વિદ્યાર્થીઓ, ડોકટર્સ સ્ટાફ, વહીવટી સ્ટાફ, નર્સિંગ સ્ટાફ, સહિતના કર્મચારીઓને પણ વાહન મુકવામાં અગવડતા પડે છે. જો વાહન દુર પાર્ક કરવામાં આવે તો ક્યારે ચોરી થાય તે કહી શકાય તેમ નથી. સિવિલના ગેટ પર કેમેરા ન હોવાથી ચોર શખ્સો સરળતાથી વાહન ચોરી જતા રહે છે.જયારે કેમેરા ન હોવાથી પોલીસને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. હાલ સિવિલમાં પાર્કિંગની સમસ્યા ખુબ ઝડપથી વકરી રહી છે.ત્યારે સિવિલ તંત્ર દ્વારા સ્ટાફ કે મુલાકાતીઓ માટે પાર્કિંગની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

આઈઆઈટી-ગાંધીનગરના 'સ્વર સંગમ'માં કલાકારો સાથે ફેકલ્ટી-વિદ્યાર્થીઓએ પરફોર્મન્સ કર્યુ

ગાંધીનગર, તા.૧૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી ગાંધીનગર ખાતે ફેકલ્ટી સભ્યો અને વિદ્યાર્થીઓએ તા.૧૩ મે, ૨૦૨૩ના રોજ તેમની સર્જનાત્મક બાજુને આગળ વધારતા અન્ય અનુભવી કલાકારો સાથે સહયોગ કરીને 'સ્વર સંગમઃ રાગની સાંજ' પ્રસ્તુત કરી હતી. આઈઆઈટી ગાંધીનગર કેમ્પસમાં જસુભાઈ મેમોરિયલ ઑડિટોરિયમ ખાતે સાંજે ૭ વાગ્યાથી યોજાયેલા કાર્યક્રમ 'સ્વર સંગમઃ રાગની સાંજ'માં પ્રતિભાશાળી કલાકારો દ્વારા વિવિધ પ્રકારના પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવ્યાં હતાં જેમાં કેમિકલ એન્જિનિયરિંગના મદદનીશ પ્રોફેસર પ્રોફેસર મિથુન રાધાકૃષ્ણએ ઈલેક્ટ્રિક મેન્ડોલિન, ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના વિઝિટિંગ પ્રોફેસર સૌમ્યબ્રતા ચક્રવર્તીએ વાયોલિન, મિકેનિકલ એન્જિનિયરિંગમાં પીએચડી સ્કોલર હરવંશ દાંડેલિયાએ ઈલેક્ટ્રિક બાસ પર હાથ અજમાવ્યો હતો. આ સાથે જાણીતા શાસ્ત્રીય નૃત્યાંગના અને સંગીતકાર (મૃદંગવાદક/પર્ક્યુશનિસ્ટ) અનંત મેનને મૃદંગમ અને દિલ્હી અને ફારુખાબાદ ઘરાના હેમંત જોશીએ તબલાથી રંગ જમાવ્યો હતો.

ખરીફ સીઝનમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી અપનાવે એ માટે રાજ્યપાલશ્રીનો અનુરોધ

રાજ્યમાં ક્લસ્ટર્સમાં ખેડૂતોને ઘર આંગણે પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવાના અભિનવ પ્રયોગને અદભુત આવકાર : મે-૨૦૨૩ના પહેલા અઠવાડિયામાં ૧,૩૩,૯૭૨ ખેડૂતોને તાલીમ આપવામાં આવી

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતમાં ખેતીની ખરીફ સીઝનમાં વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે અને ખરીફ સીઝન પહેલાં વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અનુરોધ કર્યો છે. રાજ્યમાં તા. પહેલી મેથી ૧૦-૧૦ ગામોના ક્લસ્ટર્સમાં ખેડૂતોને તેમના ગામમાં જઈને ઘર આંગણે તાલીમ આપવામાં આવી રહી છે. મે-૨૦૨૩ ના પહેલા અઠવાડિયામાં આ રીતે ૧,૩૩,૯૭૨ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ આપવામાં આવી છે.

ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીની સ્થિતિની સમીક્ષા માટે રાજભવન ખાતે આયોજિત ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગુજરાતની ૧૪,૪૮૫ ગ્રામ પંચાયતોને ૧૦-૧૦ ગામના ૧,૪૬૬ ક્લસ્ટર્સમાં વિભાજીત કરીને ખેડૂતોને ઘર આંગણે તાલીમ આપવાના નિર્ણયને અદભુત આવકાર મળ્યો છે. તાલીમ પામેલા નિષ્ણાત ખેડૂતો જ અન્ય ખેડૂતોને તેમના ગામમાં જઈને તાલીમ આપી રહ્યા છે. આ પદ્ધતિથી ઓછા સમયમાં વધુ ખેડૂતોને સાવ ઓછા ખર્ચે અને વધુ અસરકારક રીતે તાલીમ આપવામાં આવી રહી છે. આ પદ્ધતિ પારદર્શક અને પ્રમાણિક પણ છે. જો ગુજરાતમાં આ તાલીમ મોડ્યુલ સફળ થશે તો સમગ્ર દેશમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં સરળતા રહેશે. ગુજરાતમાં આ કામ અત્યંત અસરકારક રીતે કરવા તેમણે અનુરોધ કર્યો હતો.

ગુજરાતમાં અત્યારે ૪ લાખ, ૪૯ હજાર ખેડુતો પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવી રહ્યા છે. એપ્રિલ-૨૦૨૩ દરમિયાન જ ૬૯૬ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવી છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સમીક્ષા બેઠકમાં કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ સૂક્ષ્મ જીવાણુઓ પર આધારિત ખેતી છે. ચોમાસામાં ભેજને કારણે સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા વધારે થાય છે. સૂક્ષ્મ જીવાણુઓથી જમીનની ફળદ્રુપતામાં વધારો થાય છે. પરિણામે ખેડૂતોનું ઉત્પાદન વધે છે. ચોમાસામાં પ્રાકૃતિક ખેતીની સફળતા અનેક ગણી વધુ છે. ગુજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોમાં પણ ખેડૂતોને તાલીમ આપવાનું કાર્ય શરૂ થઈ ગયું છે તે માટે પણ તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં કૃષિ વિભાગ અને આત્માના વરિષ્ઠ અધિકારીઓ, ગુજરાત પ્રાકૃતિક અને ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાતો અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના અગ્રણી સંયોજકો ઉપસ્થિત રહ્યા હતા.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં આપણે તો ઘરમાં બેસીને એસી-કુલરની ઠંડકને આરામથી માણીએ છીએ. ફ્રીજના ઠંડા પાણી અને અવનવા આઈસક્રીમ ખાઈને ગરમીને દૂર ભગાવીએ છીએ પરંતુ અબોલ પંખીઓને તો દાણા-પાણી માટે ઠેર ઠેર ભટકવુ પડે છે. ઉનાળાની કાળજાળ ગરમીમાં પંખીઓ માટે દાણા-પાણીની વ્યવસ્થા કરવી એ ખુબ મોટુ પુણ્ય ગણાય છે. જય યોગેશ્વર ફ્લેટમાં રહેતા પ્રકૃતિ પ્રમી મનીષાબેન પ્રદિપભાઈ તેમના ફ્લેટમાં પંખીઓને ખુલ્લા દીલથી આવકારે છે. ફ્લેટની ઓસરીમાં પંખીઓ માટે ચણની અને પાણીની વ્યવસ્થા કરવામાં આવે છે. દરરોજ આખો પરિવાર પંખીઓની સેવામાં વ્યસ્ત રહે છે. આ પરિવાર માટે પંખીઓની સેવા કરવી એ જાણે નિત્યક્રમ બની ગયો છે.

આજે રાયસણ ખાતે સુંદરકાંડ પાઠ

ગાંધીનગર, તા. ૧૫

શ્રી રામ ચરિત્ર માનસ પંચમ સોપાન ''સુંદરકાંડ પાઠ''નું આયોજન તારીખ ૧૬-૫-૨૩, મંગળવાર, સમય રાત્રે ૮ કલાકે સ્થળ આઈ.એસ.આર. કોલોની, પીડીપીયુ હાઈરાઈઝ હોસ્ટેલ પાસે, રાયસણ, ગાંધીનગર ખાતે ભારતીબાપુની વ્યાસપીઠે 'સુંદરકાંડ પાઠ' યોજાશે.

છાલા પાલવ હોટલ સામે ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારતા બેને ઈજા

ગાંધીનગર, તા.૧૫

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રાજસ્થાન ડુંગરપુરના વતની અને હાલ ગાંધીનગર બોરીજ ખાતે રહેતા નિલમબેન વિશાલભાઈ બરંડા પરિવાર સાથે રહે છે. છેલ્લા સાત વર્ષથી બોરીજ ખાતે રહેતા અને ઘરકામ કરી પરિવારનુ ગુજરાન ચલાવે છે.તેણીના પતિ પણ મજુરી કામ કરે છે, તેઓની પાસે એચએફ ડીલક્ષ હીરો બાઈક નં.આર.જે.૧૨.એસ.એમ.-૮૯૩૨ છે. ગતરોજ સવારે સાડા પાંચ વાગ્યાના અરસામાં નિલમબેન બરંડા, તેના પતિ વિશાલ અને બે દિકરા સાથે બાઈક લઈ ડુંગરપુર જવા માટે નીકળ્યા હતા. ત્યારે હિંમતનગર હાઈ વે પર છાલા પાસે પાલવ હોટલ સામે બાથરૂમ જવા માટે બાઈક ઉભુ રાખ્યું હતું. તે સમયે બાઈ રોડની નીચે ઉભુ રાખ્યું હતું. તે સમયે બાઈક પાસે બે દિકરા અને વિશાલભાઈ ઉભા હતા.ત્યારે અચાનક પાછળથી ટ્રક નં. એચ.આર.૫૫.એ.જે.-૪૩૮૩ ના ચાલકે પાછળના ભાગેથી ટક્કર મારતા ત્રણ જણાને ઈજા પહોચી હતી. અકસ્માત બાદ ચાલક ટ્રક લઈ નાસી છુટ્યો હતો. અકસ્માતને પગલે સ્થાનિક નાગરીકો એકઠા થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા.

ત્યાથી વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરાયા હતા. જયાં સારવાર બાદ વિશાલ બરંડાને માથાના ભાગે હેમરેજ તેમજ જમણા ખભે ફ્રેકચર થયુ હતું.જયારે દિકરા મોહિતને સામાન્ય ઈજા અને નાના દિકરાને કપિલને જમણા પગે ફ્રેકચર હોવાનું નિદાન થયું હતું. બનાવ અંગે ચિલોડા પોલીસ ગુનો નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

વિશ્વ મૈત્રી ધામ બોરીજ ખાતે બાળ સંસ્કાર શિબિર યોજાશે

ગાંધીનગર,તા.૧૫

ગાંધીનગર વિશ્વ મૈત્રી ધામ બોરીજ ખાતે આગામી તા.૧૯ થી ૨૧ મે દરમિયાન બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિરમાં ૯ થી ૧૮ વર્ષના ૧૨૫ થી વધુ બાળકો ઉત્સાહભેર જોડાયા છે. શિબિરમાં બાળકોને ગમ્મત સાથે જ્ઞાન મળે, બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય, શરીર સ્વાસ્થય માટે યોગની તાલિમ, માતૃ-પિતૃ વંદના, જીવન જીવવાની કળાજેવા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. શિબિર દરમિયાન વિવિધ સ્પર્ધાઓ પણ યોજાશે. આ શિબિર જૈન આચાર્યશ્રી કલ્પેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં યોજાશે. શિબિર દરમિયાન રહેવા વગેરેની વ્યવસ્થા બોરીજ તીર્થ ખાતે માતૃશ્રી ધનલક્ષ્મીબેન નવીનચંદ્ર પરિવાર તરફથી કરવામાં આવી છે.

સેકટરોમાં શેરી સફાઈના અંતે કચરાનો સમયસર નિકાલ ન થતા રહીશો આગ બબુલા

સફાઇ કામદારો કચરો એકત્રિત કરી ઢગ ખડકી જાય છે પરંતુ કચરાનો નિકાલ થતો નથી : ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ અનિયમિત

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટરોમાં ગરમીના દિવસોમાં વારંવાર સર્જાતા વાતાવરણ પલ્ટા વચ્ચે અવારનવાર વરસાદી ઝાપટા વરસે છે. ગત માર્ચ મહીનાથી સતત વાતાવરણ પલ્ટાની અસરથી સેકટરવાસીઓ પ્રભાવિત છે. જયારે છેલ્લા સાત આઠ દિવસથી આક્રમક ગરમીના લીધે જનજીવન પરેશાન છે. શહેરમાં વરસાદી ભીંજારાની મોસમની લાંબા સમયથી અસર વર્તાઈ રહી છે. સમયાંતરે વાતાવરણ પલ્ટાના અંતે કમોસમી વરસાદના લીધે સેકટરવાસીઓ ચોમાસાની જેમ વરસાદી સમસ્યાઓથી ત્રસ્ત છે. જો કે હાલ ગરમીના દિવસોમાં પણ સેકટરોમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. સેકટરોમાં સફાઇ કામદારો દ્વારા શેરી સફાઇ કરવામાં આવી રહી છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં તેમજ રીંગ રોડ આસપાસ સુકાયેલા પાંદડા સહીત કચરાનો ઢગ જોવા મળે છે. શહેરમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ વારંવાર અનિયમિત હોવાની ફરિયાદો પણ રોષનુ કારણ બની છે. જયારે કચરાના કન્ટેઈનરો ઉઠાવી લીધા બાદ સેકટરવાસીઓ ઘણીવાર કોમન પ્લોટ તેમજ રોડની કોર્નર પર પણ કચરો ફેંકતા ગંદકીના દ્રશ્યો ગમે ત્યાં જોવા મળી રહ્યા છે. કચરા પેટીના અભાવ વચ્ચે ખુલ્લામાં જ ઉકરડો થાય છે. જયારે શેરી સફાઈના અંતે પણ સેકટરોના એપ્રોચ તેમજ રીંગ રોડ આસપાસ ગંદકીની સમસ્યાનો અંત આવતો નથી સફાઈના અંતે જે તે જગ્યાએ કચરાના ઢગ કરી દેવામાં આવે છે પરંતુ એકત્રિત કરવામાં આવેલો કચરો ઉપાડવામાં આવતો નથી જેના લીધે પવનના સુસવાટા સાથે ફરી ચોમેર ગંદકી પ્રવર્તે છે. સફાઈની સાથે કચરાનો નિકાલ થાય તેવી માંગણી પણ સ્થાનિકો કરી રહ્યા છે. જયારે સેકટરોમાં ઘરે ઘરેથી કચરો એકત્રિત કરવાની વ્યવસ્થા પણ અનિયમિત થઈ ગઈ છે. કચરો એકત્રિત કરવા આવતા વાહનનો સમય પણ નક્કી ન હોવાથી રહીશોને હાલાકી વેઠવી પડે છે. જયારે ઘણીવાર તો એકાદ દિવસ સુધી કચરો લેવા માટે કોઈ સાધન આવતુ નથી. જેના લીધે સેકટરોના કોમન પ્લોટ તેમજ રોડ કોર્નર પર ગંદકીના થર જામે છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં શેરી સફાઈ અને માર્ગો આસપાસ કામ કરતા સફાઈ કામદારો દ્વારા એકત્રિત થતો કચરાનો તુરંત જ નિકાલ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

જિલ્લા ઓપન કેરમ ટુર્નામેન્ટનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લા કેરમ એસોશિયેશન દ્વારા આગામી તારીખ ૨૭ મે અને ૨૮ મેના રોજ જુના સચિવાલય કેન્ટીન ખાતે ગાંધીનગર જિલ્લા ઓપન કેરમ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટમાં ગાંધીનગર જિલ્લામાં વસવાટ કરતી વ્યવસાય નોકરી કરતી કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકશે. જેમાં પુરુષ વિભાગમાં ૫૦ વર્ષથી ઉપરના ખેલાડીઓ માટે, પુરુષ વિભાગમાં ૫૦ વર્ષથી નીચેના ખેલાડીઓ માટે અને મહિલા વિભાગનો સમાવેશ થાય છે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે જિગ્નેશ અંજાન -૯૮૯૮૫૪૫૩૨૧, દિપક પટેલ-૯૯૯૮૭૪૭૫૪૪, મહેન્દ્ર ચાવડા -૯૯૭૯૦૩૩૩૬૭, વિનોદ જોષી -૯૪૨૭૫૨૬૯૧૩ અથવા ડી.ડી.મોઝર -૯૯૭૮૪ ૦૫૧૪૪નો સંપર્ક સાધી શકાશે. આ સ્પર્ધામાં વિજેતા થયેલ ક્રાંતિ ખેલાડીઓ નેશનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે યોજાતી ગુજરાત રાજ્ય સિલેક્શન સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છતા ખેલાડીઓએ પ્રવેશપત્ર મેળવવા તથા ભરીને પરત આપવા નીચે દર્શાવલ વ્યક્તિઓનો સંપર્ક કરવાનો રહેશે.આ સ્પર્ધાની એન્ટ્રી સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૩ મે, ૨૦૨૩ છે સિંગલ્સની એન્ટ્રી ફી રૂપિયા ૧૫૦/- અને ડબલ્સની ફી રૂપિયા ૩૦૦/-રાખવામાં આવી છે. કેરમની રમતમાં રસ ધરાવનાર ગાંધીનગર જિલ્લાના તમામ ખેલાડીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા એસોસિએશન દ્વારા અપીલ કરવામાં આવી છે.